## ફરીયાદીશ્રીને બજાજ ફાયનાન્સ કંપનીમાંથી બોલતા હોવાની ખોટી ઓળખાણ આપી લોન અપાવવાનું જણાવી, લોન મંજુર કરાવવા અલગ અલગ ચાર્જ જણાવી, છેતરપીંડી કરી, રૂપીયા પડાવી લેનાર આરોપીને ઝડપી પાડતી, સુરત શહેર સાયબર ક્રાઇમ પો.સ્ટે.ની ટીમ.

સુરત શહેરના સાયબર ક્રાઇમ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૦૦૬૨૨૦૦૦૦૨ ઇ.પી.કો. કલમ-૪૦૬,૪૧૯,૪૨૦,૪૬૫,૧૨૦(બી) તથા આઇ.ટી.એક્ટ કલમ-૬૬(સી), ૬૬(ડી) મુજબનો ગુન્હો દાખલ થયેલ. જે ગુન્હામાં સંડોવાયેલ ઇસમે ફરીયાદીશ્રીને ગઇ તા.૧૦/૦૫/૨૦૧૮ થી તા.૩૧/૦૭/૨૦૧૮ દરમ્યાન પૂર્વ આયોજીત કાવતરૂ રચી, એકબીજાની મદદગારીથી ફરીયાદીશ્રીનાઓને બજાજ ફાયનાન્સ કંપનીમાંથી બોલતા હોવાની ખોટી ઓળખાણ આપી રૂ.૪૫,૦૦,૦૦૦/- ની લોન અપાવવાનું જણાવી વિશ્વાસમાં લઇ લોન મંજુર કરાવવા સારૂ અલગ અલગ ચાર્જ ભરવા જણાવી ફરીયાદીશ્રી પાસેથી કુલ્લે રૂ.૧૯,૩૯,૯૭૯/- મની ટ્રાન્સફર મારફતે યુકો બેંકમા ટ્રાન્સફર કરાવી, તેમજ ફરીયાદીશ્રીનો વિશ્વાસ સંપાદિત કરવા બજાજ ફાયનાન્સ કંપનીના બોગસ ઇ-મેઇલ આઇડી bajajfinserv@live.com ઉપરથી બજાજ ફાયનાન્સ કંપનીનું બોગસ ફોર્મ તથા અલગ અલગ ચાર્જના ઇ-મેઇલ મોકલી ફરીયાદીશ્રી પાસેથી ઉપર્યુક્ત મુજબની માતબર રકમ ગેરકાયદેસર રીતે પડાવી લઇ ફરીયાદીશ્રી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી ગુન્હો આચરેલ હતો. સદર ગુન્હો શોધી કાઢવા સારૂ સાયબર ક્રાઇમ પો.સ્ટે.ના પો.સ.ઇ.શ્રી જે.બી.આહીર તથા એ.એસ.આઇ. પૃથ્વીરાજસિંહ તખતસિંહ તથા અ.પો.કો. યોગેશ ચંદુભાઇનાઓને આરોપીઓની તપાસમાં કોલકત્તા ખાતે મોકલતા આ ગુન્હામાં સંડોવાયેલ આરોપીને આઇડેન્ટીફાઇ કરી આરોપી નામે- દિપ્તજીત S/O આશીષ રંજન સરકાર ઉ.વ.૩૫ ધંધો-નોકરી રહે.બી/૯/૧, ગવર્મેન્ટ હાઉસીંગ કોલોની RHE, બિમલ સ્મ્રીતી સરની પાસે, થાના-સીટી સેન્ટર, દુર્ગાપુર જી.પશ્ચિમ બર્ધમાન (વેસ્ટ બંગાલ)નાને પકડી પાડેલ છે. સદર આરોપીને પુછપરછ કરતા પોતે આ કામના ફરીયાદીશ્રીને દિપ્તજીત સરકાર, બજાજ ફાયનાન્સ કંપનીના ફાયનાન્સ મેનેજર તરીકેની ઓળખાણ આપી બજાજ ફાયનાન્સ કંપનીમાંથી રૂ.૪૫,૦૦,૦૦૦/- ની લોન મંજુર કરવા અલગ અલગ ચાર્જ જણાવી તેઓના યુકો બેંકના એકાઉન્ટ નં.૧૭૩૨૦૧૧૦૦૪૦૧૬૪ માં રૂ.૧૯,૩૯,૯૭૯/- જમા કરાવેલ હોવાની હકીકત જણાવેલ હોય તેઓની આ ગુન્હામાં સંડોવણી જણાતા અટક કરી ઉપરોક્ત વણશોધાયેલ ગુન્હો શોધી, કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.